SEAT NO.:-________ No. of printed page:- 03

[7]

SARDAR PATEL UNIVERSITY

B.A. SEM. III EXAMINATION

UA03SGUJ22 (SKILL ENHANCEMENT)

ગુજરાતી ભાષાકૌશલ - 03

Date:-05/12/2019 (Thursday) Time:- 10.00 A.M. To 01.00 P.M. Marks:- 70

---

પ્રશ્ન. ૧ નીચેનામાંથી કોઈપણ બેના અર્થવિસ્તાર કરો. (૧૮)

(૧) છે ગરીબોના કુબામાં તેલ ટીપું ય દોહ્યલું ;
ને શ્રીમંતોની કબરો પર ઘીના દીવા થાય છે.

(૨) ક્ષમામાં જે શક્તિ છે તે દંડમાં નથી.

(3) પ્રતિજ્ઞા વિનાનું જીવન એ પાયા વિનાની ઈમારત જેવું છે.

(૪) પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી,
હું માનવી માનવ થાઉં તો ઘણું

પ્રશ્ન. ૨ નીચે આપેલા કાવ્યની રસલક્ષી ચર્ચા કરો. (૧૭)

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મ્હેક કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.
બાવળિયાની શૂળ હોય તો ખણી કાઢીયે મૂળ,
કેર થોરના કાંટા અમને કાંકરિયાળી ધૂળ ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.
તાવ હોય જો કડો ટાઢિયો કવાથ કુલડી ભરીયે,
વાંતરિયો વળગાડ હોય તો ભૂવો કરી મંતરીએ ;
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

રાજેન્દ્ર શાહ

અથવા

બાર વરસને અંતે જોયું ગામ,
- એનું નવું પડ્યું છે નામ !
આંગણામાં ઉભેલો વગડો
ઉગમણી પા ટેકરીઓને સોડે
પાછે પગલે દોડે ;
દોડે સાથે કલરવ માળા,
સૂરજિયા અંધારા સાથે પડછાયા પગપાળા ;



(P.T.O.)

ધુગામાં સૂતાં'તાં સૌ શિયાળ ક્યાં છે !
ક્યાં છે પેલા સાપલિસોટા ચટાપટાળા !
રાન બિલાડીના ડોળામાં ફરતા તેજ કુંડાળા ક્યાં છે !
રેત કાંકરા પાછળ મૂકી વહી ગયા રે વ્હેળા ;
છંછેડેલા મધપૂડાની
લાખ લાખ માખોના ક્યાં રે
એ કોલાહલ મેળા !
કઠિયારાની કુહાડીનાં ટચકા કાને પડે,
કડડડ કરતાં વૃક્ષ સામટાં પડે ;
ખરખર મારાં ખરી રહ્યાં છે પાન ;
ખરખર ખરી રહ્યાં છે ગાન,
હર્યું ભર્યું (હું) રાન
હવે વેરાન !

જયંત પાઠક

પ્રશ્ન. 3 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૮)

માનવે તો પુરુષાર્થમાં સતત મથ્યા રહેવાનું છે. કસો કમર, ચલાવો મજલ, મુકામની દિશામાં બે ડગ તો ભરો, જે પ્રયત્નશીલ છે, તે અથડાતો-પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મોટો સવાલ નથી, માણસ પાછો ઊભો થઈ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્વ છે. સતત પ્રયત્ન કરતો રહે તો માણસ અંતે જીવન સાફલ્ય પામે જ છે. "ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના".

ઉમાશંકર જોશી

અથવા

સ્ત્રી એક મહાન શક્તિ છે. તેના બે પાસાં છે : (૧) તે ડુબાડનારી છે અને (૨) તે તારનારી પણ છે. સ્ત્રી શક્તિ ત્યારે જ ખીલી ઊઠતી હોય છે,જ્યારે તેની આગળ કે પાછળ કોઇ પુરુષ હોય, પુરુષ વિનાની એકલી તે અબળા છે.તે સ્વંય પોતાની જાતે જ એકલી પોતાની શક્તિનો ઉપયોગ નથી કરી શકતી. તે ડુબાડનારા પાસાંને મોહિની રુપ કહેવાય છે અને તેના તારનાર પાસાને ઉદ્ધારિણી રુપ કહેવાય છે. મોહિની રુપ તેનું સહજ રુપ છે. પોતાની કાર્યસિદ્ધિ માટે તે હંમેશાં આ રુપનો ઉપયોગ કરે છે. તેના પણ બે રુપ છે. (૧) મોહ પામીને મોહ પમાડવાનું અને (૨) મોહ પામ્યા વિના મોહ પમાડવાનું. પ્રથમ રૂપ પણ સહજ છે. જ્યારે તે કોઈને મોહ પમાડવાનું કાર્ય કરે છે ત્યારે તે જાતે પણ મોહ પામતી જાય છે. તેથી તે ડૂબીને ડૂબાડનારી થઈ જાય છે. પણ બીજાના રૂપમાં તે કોઈના દોરી સંચાર પ્રમાણે મોહ પામ્યા વિના જ મોહ પમાડે છે ત્યારે તે પોતે ડૂબ્યા વિના બીજાને ડૂબાડનારી બને છે.

સ્વામી સચ્ચિદાનંદ

પ્રશ્ન. ૪ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરી યોગ્ય શીર્ષક આપો. (૧૭)

મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે ! સંખ્યાતીત પરાજ્યો વેઠ્યા છતાં આદર્શને ખાતર, સત્યને ખાતર, શ્રધ્ધાને ખાતર, ઈજ્જતને ખાતર, માણસ યુગયુગાંતરોથી પોતાના જીવનનું તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાનું બલિદાન આપતો આવ્યો છે. એ આદર્શ ભલે બદલાય, પણ આત્મ બલિદાનની માણસની એ તાકાત કાયમ રહી છે અને એટલા ખાતર તેનું ઘણું બધું દરગુજર કરી શકાય એમ છે. તથા તેને વિશે હાથ ધોઈ નાખવાનું અશક્ય બની જાય છે. ભારે આપત્તિની પળે પણ તેણે પોતાનું ગૌરવ છોડ્યું નથી કે નથી પોતે સેવેલા આદર્શો પરની શ્રધ્ધા તેણે ગુમાવી. કુદરતના પ્રચંડ બળોના રમકડાં સમો તથા આ વિરાટ વિશ્વમાં એક રજકણ સમો હોવા છતાં, નિર્સગની મૂળભૂત શક્તિઓ સામે તેણે પડકાર ઉઠાવ્યો છે. માણસમાં ખરેજ દેવનો કંઈક અંશ છે – અને સાથે સાથે તેનામાં શેતાનનો પણ અંશ છે.

અથવા

મોંઘવારી વધતી જાય છે તેમ તેમ નીતિ, પ્રામાણિકતા, સાદાઈ, નિષ્ઠા વગેરે જીવનનાં મૂલ્યો ઘસાતાં જાય છે. ગૃહસ્થાશ્રમી માણસ કોઈ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને એ તાગડધિના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાઈ જાય છે. તે ભ્રષ્ટચારી બનવા લલચાય છે. ઋષિમુનિઓના સાદા અને પવિત્ર જીવનની વાતોમાં એને રસ નથી. બુદ્ધ મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રદ્ધા નથી. સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાતો ચાલે છે; પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે અને એવું આચરણ જીવનના કોઈ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી. સ્વરાજના છ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.

— x —